જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૬/૨૦૧૬ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-**    **સમાચાર યાદી નં.૧૦૫૧/૧૬**

**પરપ્રાંતિય બે ઇસમોને એક પિસ્ટલ સાથે પકડી પાડતી ક્રાઇમ બ્રાન્ચ.**

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી, દીપન ભદ્રન સા.ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર,ડો.રાજદીપસિંહ ઝાલા સા.સાયબર સેલ, તથા પો.ઇન્સ. શ્રી જે.એસ.ગેડમ સા. ના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇન્સ. શ્રી જે. એમ. જાડેજાતથા પો.સ.ઇન્સ. શ્રી જે. એ. બારોટનાઓ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન હે.કો. છત્રસિંહ બળવંતસિંહ તથા પો.કો. ભગીરથસિંહ જટુભા નાઓની બાતમી આધારે આરોપી (૧) બ્રિજેશ સુરેશ કુશ્વાહ ઉ.વ.૨૯ રહે. બાબુભાઇ રબારીના મકાનમાં, ભાઇપુરા, હરીપુરા, અમરાઇવાડી, અમદાવાદ શહેરમુળ વતન ગામ બહારપુરા તા.મેહગાંવ જી.ભીંડ મધ્યપ્રદેશ (૨) શશીકાંત વિનાયકરામ શર્મા ઉ.વ.૩૦ રહે.ગુડુભાઇના મકાનમાં,સી બ્લોક, રંગોલીનગર નારોલ કોર્ટ પાછળ, વટવા,અમદાવાદ શહેર મુળ વતન ગામ-ગીગરખી તા.મેહગાંવ જી.ભીન્ડ મધ્યપ્રદેશ નાઓને એક પિસ્ટલ કી.રૂ.૧૦,૦૦૦/- તથા એક મો.સા. કી.રૂ.૧૦,૦૦૦/- સાથે મળી આવતા પકડી અટક કરવામાં આવેલ છે.

આ કામના પકડાયેલ આરોપીઓની પુછપરછ દરમ્યાન આ પિસ્ટલ સોનુ પંડીત નામના માણસ પાસેથી મેળવેલ હોવાનું જણાવતા હોઇ સોનુ પંડીતને પકડી પાડવાના પ્રયત્નો ચાલુ છે.

**જીઆઇડીસી વટવા**

જીઆઇડીસી વટવા વિસ્તારમાં રહેતી ૨૦ વર્ષની યુવતીની જીઆઇડીસી વટવા પો.સ્ટે ફ.ગુ.ર.નં ૪૦/૧૬ ઇપીકો કલમ ૩૭૬(ડી), ૫૦૬(૧), ૩૨૩ મુજબની ફરિયાદના આધારે યુવતીના ઘર નજીક રહેતા આરોપીઓ (૧) સુરેન્દ્રસિંગ ઉર્ફે ભયલુ રમણભાઇ પરમાર તથા (૨) ચીન્ટુ દેવાનંદ ચૌધરી અને (૩) પ્રીતેશ ગીરીશભાઇ ઠક્કર એ યુવતીની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધતા જે ત્રણેય આરોપીઓ જીઆઇડીસી વટવા પોલીસને મળી આવતા તા.૬/૬/૧૬ બપોરના ૪/૦૦ વાગે અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નાયબ પોલીસ કમિશનર,

કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.

પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)